


દેડકો ઉદાસ છે




મેક્સ વેલ્થુઇજ્સ



દેડકો ઉદાસ છે



મેક્સ વેલ્થુઇઝ્સ



દેડકો ઉદાસ થઈને જાગી
ગયો...



...તેને રડવાનું મન થયું, પણ તેને
ખબર નહોતી કે શા માટે.





નાનું રીંછ ચિંતિત હતું.
તે દેડકાને ખુશ જોવા માંગતું હતું.
"કૃપા કરીને સ્મિત કર, દેડકા," તેણે કહ્યું.
"હું નહીં કરી શકું," દેડકાએ કહ્યું.
"પણ તું ગઈકાલે કરી શક્યો હતો," નાના
રીંછે કહ્યું.

પણ દેડકો આજે હસી શક્યો નહીં.
અને તે ખુશ પણ ન રહી શક્યો.
અને તે એકલો રહેવા માંગતો
હતો. તેથી નાનું રીંછ ચાલ્યું ગયું.





ઉંદર આવ્યો. "જરા સ્મિત કર દેડકા!" તેણે
કહ્યું.
"હું નહીં કરી શકું," દેડકાએ કહ્યું.
"પણ આ દિવસ ખુબ જ સુંદર છે!" ઉંદરે
કહ્યું. "તું બીમાર તો નથી ને?"
"ના," દેડકાએ કહ્યું. "હું બીમાર નથી. હું
ફક્ત ઉદાસ છું."

"શું હું તને હસાવું?" ઉંદરે કહ્યું.
અને તે ગાંડાની જેમ નાચવા લાગ્યો.
પણ તેનાથી દેડકો હસ્યો નહીં.





પછી, ઉંદર તેના હાથ પર ચાલ્યો...
પણ તેનાથી દેડકો ખુશ ન થયો.

પછી તેણે તેના નાક પર એક બોલ
સંતુલિત કર્યો,
બિલકુલ સર્કસની જેમ!



દેડકાએ સ્મિત પણ કર્યું નહીં. ઉંદર નિરાશ થયો.

તેને ખબર નહોતી કે બીજું શું કરવું.
અને પછી તેને એક વિચાર આવ્યો...



તે પોતાનું વાયોલિન લેવા ઉતાવળમાં
ઘરે ગયો....



. . . અને તેણે પાછા ફરીને એક સુંદર
ધૂન વગાડવાનું શરૂ કર્યું, એ ધૂન
એટલી સુંદર હતી કે દેડકો રડવા
લાગ્યો.
તેના ગાલ પરથી આંસુ વહેવા લાગ્યા.





અને ઉંદર જેટલું વધુ વાયોલિન વગાડતો, દેડકો
તેટલો જ વધુ જોરથી રડતો.
"પણ દેડકા, તું કેમ રડે છે?" ઉંદરે પૂછ્યું.
"કારણ કે તું ખૂબ સુંદર રીતે વગાડે છે," દેડકાએ
રડતા-રડતા કહ્યું.
તે લાગણીથી ભરાઈ ગયો.

ત્યારે, ઉંદર ખડખડાટ હસી પડ્યો.
"ઓહ, તું મૂર્ખ છે, દેડકા," તેણે કહ્યું.
તે હસ્યો અને હસ્યો. દેડકો ત્યાં જ
ઊભો રહ્યો...





પછી, અચાનક, તે સ્મિત કરવા
લાગ્યો.
તેનું સ્મિત વધતું ને વધતું ગયું...

. . . પછી તે ઉંદર સાથે હસતો,
ગાતો અને નાચતો રહ્યો, અને તેનું
બધું દુઃખ દૂર થઈ ગયું.



તેઓએ એટલો અવાજ કર્યો
કે બતક દોડતું આવ્યું...

....અને ડુક્કર અને સસલું ....



. . . અને સૌથી છેલ્લે નાનું રીંછ.
તેઓ બધા એકસાથે હસતા હસતા
જમીન પર ઢળી પડ્યા.

"ઓહ!" દેડકાએ હાંફીને કહ્યું. "હું મારા
આખા જીવનમાં ક્યારેય આટલું બધું હસ્યો
નથી!"



"પ્રિય દેડકા," નાનું રીંછ બોલ્યું. "મને ખૂબ આનંદ છે કે તું ફરીથી હસી શકે છે. પણ પહેલા તું આટલો ઉદાસ કેમ હતો?"
"મને ખબર નથી," દેડકાએ કહ્યું. "હું તો બસ ઉદાસ હતો."

સમાપ્ત

